
# મને REAL ID ક્યાંથી મળશે?

**જો તમે નક્કી કરો કે REAL ID તમારા માટે યોગ્ય છે, તો તમારી પાસે REAL ID માટે અરજી કરવા માટે ત્રણ વિકલ્પો છે.**

- **ઓનલાઇન અરજી કરો** (ફક્ત પૂર્વ-ચકાસાયેલ ગ્રાહકો માટે)
- **તમા** રા દસ્તાવેજો અને ફોટાની ચકાસણી કરવા માટે કોઈપણ PennDOT ડ્રાઇવર લાઇસન્સ સેન્ટરની મુલાકાત લો, 15 કાર્યકારી દિવસોમાં મેઇલમાં તમારું REAL ID મેળવો.
- **તમારા દસ્તાવેજો અને ફોટાની ચકાસણી કરવા માટે**રાજ્યભરમાં PennDOT REAL ID ડ્રાઇવર લાઇસન્સ સેન્ટરની મુલાકાત લો ,સેવાના કામના કલાકો દરમિયાન તમારું REAL ID મેળવો. તમારી નજીકનું REAL ID સેન્ટર શોધવા માટે, **www.PennDOT.gov/REALID** પર જાઓ, અને "REAL ID સેન્ટરના સ્થાનો" પર ક્લિક કરો.



## ઓનલાઈન અગાઉથી ચકાસણી કરો!

જો તમને 1 સપ્ટેમ્બર, 2003 પછી તમારું **પહેલું** પેન્સિલવેનિયા ડ્રાઇવિંગ લાઇસન્સ, લર્નર પરમિટ અથવા ફોટો ID કાર્ડ મળ્યું હોય, તો PennDOT પાસે પહેલાથી જ તમારા REAL ID દસ્તાવેજો ફાઇલમાં હોઈ શકે છે.

તમારા જરૂરી REAL ID દસ્તાવેજો PennDOT સાથેની ફાઇલમાં છે કે નહીં તે જાણવા માટે, **www.PennDOT.gov/REALID**ની મુલાકાત લો.

જો PennDOT પુષ્ટિ કરે છે કે તમારા દસ્તાવેજો ફાઇલમાં છે, તો તમે તમારું REAL ID ઓનલાઈન ઓર્ડર કરી શકો છો. કૃપા કરીને પ્રક્રિયા માટે 15 કાર્યકારી દિવસો સુધીનો સમય આપો.


# વધુ જાણવા માટે હું ક્યાં જઈ શકું?

REAL ID વિશે વધુ જાણવા અને તે તમારા માટે યોગ્ય છે કે નહીં તે નક્કી કરવા માટે અમારી વેબસાઇટ **www.PennDOT.gov/REALID** ની મુલાકાત લો. તમારે કયા દસ્તાવેજો રજૂ કરવાની જરૂર છે તેની વિગતવાર માહિતી અને REAL ID વિશે વારંવાર પૂછાતા પ્રશ્નોના જવાબો મેળવશો.

યુનાઇટેડ સ્ટેટ્સના હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ તરફથી REAL ID વિશે વધારાની માહિતી મેળવવા માટે, **www.dhs.gov** ની મુલાકાત લો અને "REAL ID" માટે શોધો.

ટ્રાન્સપોર્ટેશન સિક્યુરિટી એડમિનિસ્ટ્રેશન (TSA) દ્વારા સ્વીકૃત ઓળખની સંપૂર્ણ યાદી માટે, **www.tsa.gov** ની મુલાકાત લો અને "ઓળખ" માટે શોધો.

# યાદ રાખવા જેવી બાબતો:



વ્યક્તિગત ફેડરલ સુવિધાઓ - જેમાં લશ્કરી સ્થાપનોનો સમાવેશ થાય છે - જેમાં અલગ સુરક્ષા પગલાં હોઈ શકે છે અને ઓળખના સ્વીકૃત સ્વરૂપો અલગ અલગ હોઈ શકે છે. કયા પ્રકારના ID સ્વીકારવામાં આવશે તે જાણવા માટે તમારી મુલાકાત પહેલાં સુવિધાનો સંપર્ક કરો.




**આંતરરાષ્ટ્રીય મુસાફરી કરવા માટે તમારે હજુ પણ માન્ય પાસપોર્ટની જરૂર પડશે.**




**7 મે, 2025** પછી, યુ.એસ.માં પણ, કોમર્શિયલ ફ્લાઇટમાં મુસાફરી કરવા માટે તમારે REAL ID (અથવા TSA-મંજૂર ID નું બીજા સ્વરૂપ) ની જરૂર પડશે.

**વધુ જાણો: www.PennDOT.gov/REALID**

# પેન્સિલવેનિયામાં

# REAL ID



Pennsylvania
Department of Transportation

PUB 813 (2-25) Gujarati

# REAL ID શું છે?

REAL ID એક્ટ એ એક ફેડરલ કાયદો છે જે રાજ્યો ડ્રાઇવિંગ લાઇસન્સ અને ID કાર્ડ કેવી રીતે જારી કરે છે તેના પર અસર કરે છે જો તે ફેડરલ હેતુઓ માટે સ્વીકાર્ય હોય, જેમ કે ડોમેસ્ટિક કોમર્શિયલ ફ્લાઇટમાં ચઢવા, અથવા લશ્કરી સ્થાપન અથવા ફેડરલ સુવિધામાં પ્રવેશ કરવા જેમાં ID જરૂરી હોય.

**7 મે, 2025 થી શરૂ કરીને**, પેન્સિલવેનિયાના લોકોને નીચે મુજબ કરવા માટે REAL ID-સુસંગત લાઇસન્સ, ઓળખ કાર્ડ અથવા ફેડરલ કાયદા મુજબ સ્વીકાર્ય ઓળખના અન્ય સ્વરૂપ (જેમ કે માન્ય પાસપોર્ટ અથવા લશ્કરી ID) ની જરૂર પડશે:

- ડોમેસ્ટિક કોમર્શિયલ ફ્લાઇટમાં બોર્ડિંગ માટે
- લશ્કરી થાણામાં પ્રવેશ કરો
- એવી ફેડરલ સુવિધા દાખલ કરો જેમાં ફેડરલ રીતે સ્વીકાર્ય ઓળખ જરૂરી હોય

# શું મારે REAL ID મેળવવું પડશે?

**ના. પેન્સિલવેનિયાના નિવાસીઓ માટે REAL ID વૈકલ્પિક છે.** તમે REAL ID ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા ઓળખ કાર્ડ, અથવા પ્રમાણભૂત ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા ઓળખ કાર્ડ મેળવી શકશો.

જો તમને  REAL ID ન મળે, તો તમારી પાસે ફેડરલ રીતે સ્વીકાર્ય ઓળખનું વૈકલ્પિક સ્વરૂપ (માન્ય પાસપોર્ટ, લશ્કરી ID, વગેરે) હોવું આવશ્યક છેજેથી **7 મે, 2025** પછી ડોમેસ્ટિક કોમર્શિયલ ફ્લાઇટમાં મુસાફરી કરી શકો અને અમુક ફેડરલ સુવિધાઓમાં પ્રવેશી શકો.




| | પ્રમાણભૂત ID અથવા DL | REAL ID ID અથવા DL |
|---|---|---|
| ડ્રાઇવિંગ (ફક્ત DL) | ✓ | ✓ |
| ઓળખ માટેના સામાન્ય હેતુઓ | ✓ | ✓ |
| 7 મે, 2025 પછી ડોમેસ્ટિક (યુએસ) ફ્લાઇટમાં મુસાફરી કરવા | ✗ | ✓ |
| ફેડરલ સુવિધા (જેમાં ID જરૂરી છે) અથવા લશ્કરી થાણામાં પ્રવેશ કરવો | ✗ | ✓ |

**નીચેની બાબતો તમારે REAL IDની જરૂર નથી:**

- ડ્રાઇવ
- મતદાન
- હોસ્પિટલ એક્સેસ કરવા
- પોસ્ટ ઓફિસની મુલાકાત લેવા
- ફેડરલ કોર્ટમાં પ્રવેશ મેળવવા
- ફેડરલ લાભો માટે અરજી કરો અથવા લાભો મેળવો

# REAL ID ની કિંમત કેટલી છે અને તેની સમયસીમા ક્યારે સમાપ્ત થશે?

તમારે $30 ની એક વખતની ફી, વત્તા લાગુ પડતી રિન્યુઅલ ફી ચૂકવવી પડશે.

તમારા પહેલા REAL ID લાઇસન્સ અથવા ID કાર્ડની સમયસીમા સમાપ્તિની તારીખમાં તમારા વર્તમાન લાઇસન્સ અથવા ID કાર્ડ પર બાકી રહેલો કોઈપણ સમય, **વત્તા વધારાના ચાર વર્ષનો સમાવેશ થશે.***


ઉદાહરણ તરીકે, જો તમારું લાઇસન્સ મે 2025 માં સમાપ્ત થવાનું છે, પરંતુ તમે મે 2024 માં REAL IDમાં અપગ્રેડ કરો છો, તો તમારું નવું REAL ID-અનુરૂપ લાઇસન્સ અથવા ID કાર્ડ મે 2029 સુધી સમાપ્ત થશે નહીં.

આનો અર્થ એ છે કે તમે જે સમય માટે ચૂકવણી કરી છે તે "ગુમાવશો" નહીં. તમારા પહેલા REAL ID લાઇસન્સ અથવા ફોટો ID ની સમયસીમા સમાપ્ત થયા પછી, REAL ID ને સ્ટાન્ડર્ડ-ઇશ્યૂ ID ની તુલનામાં રિન્યુ કરવા માટે કોઈ વધારાની ફી ચુકવવાની જરૂર નથી.

જો તમે તમારું પહેલું પેન્સિલવેનિયા ડ્રાઇવિંગ લાઇસન્સ અથવા ફોટો ID મેળવી રહ્યા છો અને તમે REAL ID મેળવવા માંગતા હો, તો તમારે એક વખતની REAL ID ફી, ઉપરાંત વહેલા ઇશ્યુ કરાવવાની રેગ્યુલર ફી ચૂકવવી પડશે.

કૃપા કરીને નોંધ લો: કોમર્શિયલ ડ્રાઇવિંગ લાઇસન્સ (CDL) ધારકો કાં તો તેમના CDL ને રિન્યુ કરવા માટે અરજી કરી શકે છે અથવા ડુપ્લિકેટ CDL માટે અરજી કરી શકે છે અને લાગુ ફી(ઓ) ચૂકવે છે.




*સિવાય કે તમારી ઉંમર 65 વર્ષથી વધુ હોય અને તમે બે વર્ષનું લાઇસન્સ માટે પસંદ કર્યું છે.*

# હું REAL ID કેવી રીતે મેળવી શકું?

**તમારે નીચેના દસ્તાવેજો PennDOT ડ્રાઇવર લાઇસન્સિંગ સેન્ટર પર લાવવાની જરૂર પડશે:**

- **ઓળખનો પુરાવો**

  રાજ્યના મહત્વપૂર્ણ રેકોર્ડ/આંકડાકીય માહિતી રાખતા કાર્યાલયમાં નોંધણી કરાવેલ જન્મના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ, જે ઓફિસિયલ સ્ટેમ્પ કે ત્રિ-પરિમાણીય છાપ સાથે સીલ કરેલી અથવા માન્ય, સમયસીમા સમાપ્ત ન થઈ હોય તેવો યુએસનો પાસપોર્ટ અથવા પાસપોર્ટ કાર્ડ હોવો જોઈએ.

  યુએસના ન હોય તેવા નાગરિકો કૃપા કરીને મુલાકાત લો: **https://www.pa.gov/agencies/dmv/faqs/driver-licensing-faqs/real-id-faqs.html**

- **સામાજિક સુરક્ષાનો પુરાવો**

  તમારા વર્તમાન કાનૂની નામ (લેમિનેટેડ/અનલેમિનેટેડ) માં સામાજિક સુરક્ષા કાર્ડ અથવા, નીચેનામાંથી કોઈ એક જે તમારા સામાજિક સુરક્ષા નંબરના બધા નવ (9) અંકો દર્શાવે છે: W-2, SSA-1099 ફોર્મ, નોન SSA-1099 ફોર્મ અથવા પે સ્ટબ.

- **વર્તમાન, ભૌતિક PA સરનામાના બે પુરાવા**

  ઉદાહરણો: વર્તમાન, સમયસીમા સમાપ્ત ન થઈ હોય તેવું PA ડ્રાઇવરનું લાઇસન્સ અથવા ફોટો ID કાર્ડ; PA વાહન નોંધણી કાર્ડ; માન્ય ઓટો ઇન્સ્યોરન્સ કાર્ડ; નામ અને સરનામું દર્શાવતું કમ્પ્યુટર મારફતે જનરેટ કરાયેલ યુટિલિટી બિલ; W-2 ફોર્મ/પે સ્ટબ

  બધા દસ્તાવેજો વર્તમાન કાનૂની નામે હોવા જોઈએ.

- **જો લાગુ પડતું હોય તો, બધા કાનૂની નામમાં ફેરફારોનો પુરાવો**

  નામમાં ફેરફારને ટ્રેક કરવા માટે દરેક લગ્ન માટે કાઉન્ટી કોર્ટ દ્વારા જારી કરાયેલા બધા પ્રમાણિત લગ્ન પ્રમાણપત્રો (અનાથો માટેની કોર્ટના ક્લાર્ક, વસિયતનામા અંગેના રજિસ્ટ્રાર, વગેરે)જેમાં લાઇસન્સ જારી કરવામાં આવ્યું હતું.

  કાનૂની નામ બદલવાની મંજૂરી આપતો કોર્ટનો આદેશ(આદેશો)

  રાજ્યના મહત્વપૂર્ણ રેકોર્ડ/આંકડાકીય માહિતી રાખતા કાર્યાલય દ્વારા જારી કરાયેલ સુધારેલા જન્મ પ્રમાણપત્રની મૂળ અથવા પ્રમાણિત નકલ.

REAL ID દસ્તાવેજીકરણ સંબંધી આવશ્યકતાઓ વિશે વધારાની માહિતી માટે અને અમારા પ્રિન્ટ કરવા યોગ્ય દસ્તાવેજનું ચેકલિસ્ટ ડાઉનલોડ કરવા માટે, **www.PennDOT.gov/REALID** ની મુલાકાત લો અને "દસ્તાવેજ ચેકલિસ્ટ" પર ક્લિક કરો.

Pennsylvania
Department of Transportation

**વધુ જાણો: www.PennDOT.gov/REALID**